
॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 29,(SURAT), DATE-08/01/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૨૯, (સુરત), તા.૦૮/૦૧/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ, સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.




2 કામરેજના ઘલુડી પોલીસ હેડ ક્વોટર ખાતે આધુનિક હથિયારોનું પ્રદર્શન અને હોર્સ-ડોગ એક્ટિવિટી સહિત ૧૭ જેટલી ઇવેન્ટ યોજાઇ

3 સુરત જિલ્લામાં ૧૦૮ને દર ત્રીજી મિનિટે ૧ ઇમરજન્સી કોલ

4 બારડોલી આર. ટી. ઓ. દ્વારા માર્ગ સલામતી અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું


## શ્રી હરિપ્રબોધમ પરિવાર દ્વારા

## પ્રગટ ગુરુ હરિ પ્રબોધજીવન સ્વામીજી ના દિવ્ય સાનિધ્યમાં હરિપ્રસાદ સ્વામીજી ના ૯૧ મા પ્રાગટ્ય દિને યુવા મહોત્સવ ૨૦૨૫ ઉજવવામાં આવ્યો




### યુવા મહોત્સવમાં દેશ વિદેશ થી પધારેલા હરિભક્તો તથા સમગ્ર ભારત દેશમાં થી અલગ અલગ રાજયમાંથી એક લાખ સભા ભરતા યુવકો સહિત ૨.૫૦.૦૦૦ હરિ ભક્તો નુ ઘોડા પુર ઉમટયુ

યુવા મહોત્સવમાં દેશ વિદેશ થી પધારેલા હરિભક્તો તથા સમગ્ર ભારત દેશમાં થી અલગ અલગ રાજયમાંથી એક લાખ સભા ભરતા યુવકો સહિત ૨.૫૦.૦૦૦ હરિ ભકતો નુ ઘોડા પુર ઉમટયુ. શ્રી હરિ પ્રબોધમ પરિવાર દ્વારા ભરૂચ ખાતે હરિપ્રબોધમ યુવા મહોત્સવ ૨૦૨૫ પ્રગટ ગુરુહરી પ્રબોધજીવન સ્વામીજીના સાનિધ્યમાં ઉજવાયો હતો શ્રી ગુરુ હરિ હરિ પ્રસાદ સ્વામીજી ના આધ્યાત્મિક વારસાને જીવંત રાખી યુગ કાર્ય જે યુવાનો નિર્વ્યસની વિવેકબુદ્ધિ થી જીવન ની સમજ આપી આધ્યાત્મિક માર્ગે વાળવા માટે સતત વિચરણ કરી યુવા ઉસ્થાન માટે દેશ વિદેશ અને સમગ્ર ભારતના દરેક રાજયમાં પધરામણીઓ વિતરણ અને સભા કરે છે.

અને દર વર્ષે ના પહેલા વીકમાં ભગવાન સ્વામિનારાયણ ના સમયથી ચાલતી આવતી પરંપરા જે સમૈયા શિબિર તરીકે યુવા મહોત્સવ ઉજવવામાં આવે છે દરેક કળિયુગમાં મા ભક્તિમય જીવન જીવતાં યુવાન હરિભક્તોએ પ્રબોધ જીવન સ્વામીજી ના દર્શન આશિર્વાદ પરાવાણી પ્રસાદ નો ભક્તિમય વાતાવરણમાં આનંદ માણ્યો હતો.

## ઉમરસાડી- હરીપુર કોઝવે હવે નવો પુલ જનતાને સુખ




પુલ (કોઝવે માંટે ) સાડા ચાર વીંઘા જમીન આપનાંર ભીખાજી મુંનશી (ઉમરસાડી)

**માંડવી, ઉમરસાડી -** માંડવી તાલુકાના ઉમરસાડી ગામ અને બારડોલી તાલુકાનું હરીપુરા ગામ આંબે ગામોની વચ્ચે તાપી નદી ઉપર લગભગ ૩૫ વર્ષ પહેલાંનું લેવલ બ્રિજ બનાવવામાં આવેલો એ પહેલાનો વર્ષોમાં કળોદ હરિપુરાના સામે કાંઠેના ગામોના લોકોને જવું હોય તો કોસાડી થી હોળીમાં નદી પાર કરી કડોદ આવવું પડતું. કડોદ હાઇસ્કૂલમાં ભનવા માટે સામે કાંઠે વિદ્યાર્થીઓ જીવના જોખમ પહોંચતા. ચોમાસાની ભયંકર રેલમાં તો સાંજે એ વિદ્યાર્થીઓ જીવિત ઘરે પહોચ્યા તો નસીબદાર એવું કહેવાતું. એ સમયે હોળી ચલાવનાર માલિક ભારે જોખમ ઉઠાવતા અને ઉતારોને સહી સલામત ઘાટે પહોચાડતા એમની જે સેવા આપેલી.

આજના સમયમાં કલ્પના કરીએ તો પણ જવાય એવા એ સમય હતો લગભગ ૭-૮ ગામોના વિદ્યાર્થીઓ હાઈસ્કૂલમાં આવી મુશ્કેલી વેઠીને ભનતા જેમાં એક વિદ્યાર્થી નટવરસિંહ બી. મહીડા જેવો રાજપીપળા સાયન્સ કોલેજમાં પ્રિન્સિપલ બની અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી રાજપીપળા સાયન્સ કોલેજમાં ડીનનો હોદ્દો ધારણ કરેલું. બીજા એક વિદ્યાર્થી

કોસાડીના જ વિક્રમસિંહ મહિડા એ પણ કડોદ હાસ્કૂલમાં આચાર્ય પદ મેળવી નામ રોશન કરી દીધેલું. નદી પાર કરવાની આ બધી મુશ્કેલી જોઈને ઉંમરસાડીના ગામના ભીખાજી રતનજી અને ઉન ગામના જેરામ પટેલ એમને ઉંમરસાડી- હરીપુરા વચ્ચે નદીમાં કોઝવે બનાવવા ગુજરાત સરકારને ઉગ્ર રજૂઆત કરેલી અને એમાં સફળતા મેળવી.

કોજવે મંજૂર કરાવેલો જેના ઉમરસાડી ના ભીખાજી મુન્સીએ ઉંમરસાડી તરફ કોઝવે પછીનો રસ્તો બનાવવા સામે ચાલીને લગભગ સાડા ચાર વીઘા જેટલી જમીન રાજી ખુશીથી આપી દઈ. તાકીદે બનાવવાની વિનંતી કરેલી. પછી એક એક મુશ્કેલી ચોમાસામાં પડતી નદીમાં પાણી વધતા જ ડૂબી જતાં અને આ ગામના લોકો હેરાન થઈ જતા. પણ હવે હાઈ લેવલ પુલ કોઝવેની બાજુમાં જ તૈયાર થઈ રહ્યો છે. જે પૂર્ણ થવાની આરે છે જેની કામગીરી બાંધકામ પણ ખૂબ જ મજબૂત અને બે ઘડી કોઈ ઊભા રહીને જોઈએ એવી રીતે બનાવી રહ્યા છે. એવું લોક મુખે ચર્ચા થઈ રહી છે સરકારી દફતરે પણ ઉમરસાડી હરીપુરા પુલ એવો જોઈએ એવું આ કાટા ના પ્રજાજેનો માની રહ્યા છે.

## ક્ષત્રિય સમાજ તેમજ જામનગરનું ગૌરવ વધારતા નીલમબા ઝાલા



ગુજરાત રાજય માસ્ટર ગેમ્સ ૨૦૨૫ સ્પોર્ટ કોમ્પ્લેક્સ ભાવનગર ખાતે ૪ અને ૫ જાન્યુઆરી એ યોજાય હતી જેમા જામનગર ના નીલમબા ઝાલા એ ભાગ લીધો અને તેઓએ અદભુત પ્રદર્શન કરી જેમાં તેઓએ બે ગોલ્ડ મેડલ અને એક સિલ્વર મેડલ જીત્યો છે 'ટ્રીપલજમ્પમાં ગોલ્ડ મેડલ, હેમર થ્રો માંસિલ્વર મેડલ અને ડિસ્કસ થ્રોમાં ગોલ્ડ મેડલ જીતી જામનગર તથા રાજપૂત સમાજનું નામ રોશન કર્યું છે..

## ખેલ મહાકુંભ અંતર્ગત બી.એસ.બી.એસ. હાઈસ્કૂલમાં ખો-ખોની સ્પર્ધાનો પ્રારંભ

**બારડોલી-** બારડોલીની બી. એસ. બી. એસ. હાઈસ્કુલના પટાંગણમાં ખેલ મહાકુંભ અંતર્ગત ભાઈઓ તથા બહેનો માટે ખો-ખોની સ્પર્ધાનો પ્રારંભ થયો હતો, જેમાં અંડર-૧૪ ની ૧૮ ટીમ, અંડર-૧૭ ની ૬ ટીમ અને ઓપનની ૪ ટીમના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ખેલ મહાકુંભમાં સુરત જિલ્લામાં ૨.૨૩ લાખ ખેલાડીઓએ ૨૪ જેટલી રમતોમાં ભાગ લઈ રહ્યા છે. સુરત જિલ્લામાં તાલુકાકક્ષાએ વિવિધ સ્કૂલોમાં સ્પર્ધાઓ યોજાશે.





Mo-9727410292 Mo-9426810292




શ્રી બાલાજી ડાઈનિંગ હોલ

ઘામળોદ રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808



ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

દુકાન નંબર 101, પ્રિતેશ કોમ્પલેક્ષ શાસ્ત્રી રોડ , બારડોલી.

Date-08/01/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## કામરેજના ધલુડી પોલીસ હેડ ક્વોટર ખાતે આધુનિક હથિયારોનું પ્રદર્શન અને હોર્સ-ડોગ એક્ટિવિટી સહિત ૧૭ જેટલી ઇવેન્ટ યોજાઈ





બારડોલી- સુરત ગ્રામ્ય મુખ્ય પોલીસ મથક ધલુડી ખાતે ૨૦૨૪ના વાર્ષિક ઇન્સ્પેક્શન સાથે લોકદરબાર યોજાયો હતો. આ તકે રેન્જ આઇજી પ્રેમવીરસિંહ, ડીઆઇજી હિતેશ જોયસર ઉપરાંત કીમ, કોસંબા, કામરેજ, માંગરોળ, બારડોલી, ઓલપાડ વિસ્તારમાંથી લોકો હાજર રહ્યા હતા. સૌપ્રથમ જિલ્લા પોલીસ દ્વારા રજૂ કરાયેલી શિસ્તબદ્ધ પરેડ આકર્ષણનું કેન્દ્ર બની હતી. જેની સાથે સાથે પોલીસ સંબંધિત ઇવેન્ટોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પીટીના અલગ અલગ કરતબો, આધુનિક હથિયારોનું પ્રદર્શન, હોર્સ ડોગ એક્ટિવિટી તથા પોલીસને મદદરૂપ અને માર્ગદર્શનરૂપી અન્ય ઇ વેન્ટો થકી વિવિધ કામગીરીરૂપ નમૂનાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

પોલીસ લોક દરબારમાં જિલ્લામાં ટ્રાફિક સમસ્યા, પ્રમુખ લોકોની અવરજવર ધરાવતા વિસ્તારોમાં સીસીટીવી, સઘન પેટ્રોલિંગ, સાયબર ફ્રોડ મામલે લોકોમાં અવેરનેસ તેમજ જિલ્લા સ્તરે કાયદો અને વ્યવસ્થાને લગતા પ્રશ્નો અંગે ચર્ચામાં કરાઇ હતી. રેન્જ આઈજી પ્રેમવીરસિંહ દ્વારા જનકલ્યાણલક્ષી પ્રશ્નોના સકારાત્મક જવાબો આપ્યા હતા. નાયબ પોલીસ મહાનિરીક્ષક હિતેશ જોયસર દ્વારા જિલ્લા પોલીસના પ્રશ્નો અંગે પણ ચિંતા વ્યક્ત કરાઇ હતી. આ સાથએ જ પોલીસ પરિવારોને સ્પર્શતા પ્રત્યેક નાના મોટા પ્રશ્નોનો અભ્યાસ કરી હકારાત્મક દિશામાં ઉકેલની ખાતરી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન બિલ્ડિંગ ઇન્ટરવેશન, ચેકપોસ્ટ ડેમો, મોબ (ભીડ-લોકટોળું)ને કન્ટ્રોલ કરવાની ડ્રીલ જેવી ૧૬થી ૧૭પોલીસ ઇવેન્ટોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ડીવાયએસપી આઇ. જે.પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## સુરત કરણી સેનાના પ્રમુખને મારી નાખવાની ધમકી:પાકિસ્તાનના અજાણ્યા વ્હોટ્સએપ નંબરથી કોલ કરી ગૌ સેવા બંધ કરવા ધમકી આપી; કરણી સેનાએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું




સુરત- કારણે સેનાના સુરત શહેરના પ્રમુખ તેમજ અન્ય કાર્યકર્તાઓ ગૌરક્ષા અને સમાજસેવાનું કામ કરતા હોય છે જેને લઈને તેઓ સતત ચર્ચામાં પણ રહે છે. કરણી સેના અનેક વિવાદો વખતે પણ સામે આવતી હોય છે અને પોતાનો પક્ષ મૂકતી હોય છે. ત્યારે સુરત શહેર કરણી સેનાના અધ્યક્ષને ફોન ઉપર ધમકી આપવામાં આવી છે કે, ગૌસેવા બંધ કરો. જેને લઈને આજે કરણી સેનાના રાષ્ટ્રીય હોદ્દેદારો તેમજ ગુજરાતના હોદ્દેદારો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને તેમને જાનથી મારી નાખવાની ધમકી બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાનથી ફોન કોલ આવતા રજૂઆત કરાઇ સમયાંતરે હિન્દુ ગૌરક્ષકો અથવા તો સનાતન ધર્મની કામગીરી કરનાર લોકોને પાકિસ્તાનથી ધમકી ભર્યા ફોન આવતા હોય છે. ફરી એક વખત કરણી સેનાના સુરતના પ્રમુખને પાકિસ્તાનના નંબર પરથી વ્હોટ્સએપ કોલ આવ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ફોન કરનાર વ્યક્તિ સતત ફોન કરતો હતો અને ગૌ સેવા બંધ કરી દેવા માટે ધાક ધમકી આપતો હતો. ધમકી મળ્યા બાદ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે અને જે નંબર પરથી કોલ આવ્યો હતો તેની પણ માહિતી આપી દેવામાં આવી છે.

અમારી સુરક્ષાની જવાબદારી કલેક્ટરની છે કરણી સેનાના સુરતના પ્રમુખ શભુ સિંહે જણાવ્યું કે, ૨૪ ડિસેમ્બરે રાત્રે મારા ઉપર પાકિસ્તાનના નંબર ઉપરથી વ્હોટ્સએપ કોલ આવ્યો હતો.






## કટલા, રોહુ-બ્રિગલ પ્રજાતીની માછલીઓનું બિયારણને મુકાયું; માછીમારોને આજીવિકા મળશે, નદીનું જૈવ પણ જળવાશે



બારડોલી- આદિજાતિ વિકાસ રાજયમંત્રી કુંવરજી હળપતિની પ્રેરક ઉપસ્થિતિમાં કામધેનુ યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સેલન્ટ ઈન એક્વા કલ્ચર ઉકાઈ કેન્દ્ર દ્વારા તાપી નદીમાં મત્સ્ય બીજનું સંચય કરાયું હતું. મત્સ્ય વિભાગના અધિકારીઓ, કામધેનુ યુનિવર્સિટીના સ્ટાફગણ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

માંડવીના તાપી રિવરફ્રન્ટ ખાતે આદિજાતિ વિકાસ રાજયમંત્રી કુંવરજી હળપતિની પ્રેરક ઉપસ્થિતિમાં કામધેનુ યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સેલન્ટ ઈન એક્વા કલ્ચર ઉકાઈ કેન્દ્ર દ્વારા મત્સ્ય બીજ સંચય કરવામાં આવ્યું હતું. કામધેનુ યુનિવર્સિટી દ્વારા તાપી નદીમાં કુલ ૫૦૦૦ મત્સ્ય બિયારણ કટલા, રોહુ અને બ્રિગલ પ્રજાતીની માછલીઓનું બિયારણને તાપી નદીમાં મૂકવામાં આવ્યું હતું.

જેથી માછીમારી કરતા માછીમારોને આજીવિકા મળી શકે અને તાપી નદીનું જૈવ પણ જળવાઈ રહે તેવા ઉમદા હેતુ સાથે તાપી નદીમાં માછલીઓનું બિયારણ મુકાયું હતું. આ પ્રસંગે મત્સ્ય વિભાગના અધિકારીઓ, કામધેનુ યુનિવર્સિટીના સ્ટાફ ગણ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, સરપંચઓ, માછીમારી કરતા માછીમારો, માંડવી નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કડોદરા જીઆઈડીસી પોલીસે બે બાઈક સહિત બે ઇસમને દબોચ્યાં, કારમાંથી બે મોબાઈલ ફોનની ચોરી કરી તસ્કર ફરાર



બારડોલી- કારમાંથી બે મોબાઈલ ફોનની ચોરી કરી તસ્કર ફરાર પ્રાપ્ત માહિતી અનુસાર હાલ મુંબઇ મીરારોડ ખાતે રહેતા અને મૂળ દેવભુમી દ્વારકા જિલ્લાનાં વેરાડનાં ૪૧ વર્ષીય જય ગોપાળભાઈ પટેલ પોતાના કબ્જાની હુન્ડાઇ અલ્કાઝાર કંપનીની કાર લઇને પારૂલ યુનિવર્સીટી ખાતે અભ્યાસ કરતા તેમના છોકરાને મળવા માટે જઇ રહ્યા હતા. જે દરમિયાન ચોર્યાસી ગામની સીમમાં વિજય હોટેલની સામે મુંબઇથી અમદાવાદ જતાં રોડ પર રાત્રિનાં ત્રણેક વાગ્યાના સુમારે જયભાઈને ઝોકું આવતાં તેમણે કારના કાચ થોડાં ખુલ્લા રાખી કારને રોડની સાઇડે લગાવી સુઇ ગયા હતા. ત્યારે અજાણ્યા ઇસમે કારનો કાચ ખુલ્લો હોવાથી ગાડીનો દરવાજો ખોલી અંદર મુકેલા ૪૦ હજાર કિંમતનો આઇફોન ૧૫ પ્રો મેક્સ અને ૧૦ હજાર કિંમતનો રેડમી નોટ ૧૩ પ્રો મોબાઇલ ફોન તથા પાકીટની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જોકે સમગ્ર ઘટનાની જાણ જયભાઇને થતાં તેમણે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ત્યારે હાલ કામરેજ પોલીસે અજાણ્યા ચોર ઇસમ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

પોલીસે ચોરીની બે બાઈક સાથે બે ઇસમ ઝડપ્યાં મળતી માહિતી મુજબ સુરત જિલ્લામાં કડોદરા જીઆઈડીસી પોલીસે બે અલગ અલગ મોટર સાઇકલ લઈને આવતા બીરેન્દ્ર રામભારત કેવટ ઉં.૨૩ અને કેશરી મંગલ પાલ ઉં.૨૭ ને ઝડપી પાડ્યા હતા. બંને બાઈકની પાછળ નંબર પ્લેટ ન હતી અને આધાર પુરાવા માંગતા તેઓએ આપ્યા ન હતા. જેથી આ મામલે પોલીસે પૂછપરછ કરી હતી. જેમાં ૨૦ દિવસ પહેલાં એક બાઈક કામરેજ ખાતે આવેલા ઓમ ઇન્ડસ્ટ્રીઝમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જયારે, બીજી બાઈક એક મહિના પહેલાં માંકણા ગામ ખાતે આવેલા શીવસીટી ઇન્ડસ્ટ્રીઝ વિભાગ ૦૪ પાસેથી બંનેએ સાથે મળીને ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું.

## બારડોલીની વાઘેચા આશ્રમશાળા ખાતે

# આદિજાતિ રાજયમંત્રી કુંવરજી હળપતિએ બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા



બારડોલી- બારડોલી તાલુકાના વાઘેચા સ્થિત આશ્રમશાળા ખાતે તા.૦૫થી ૦૭ જાન્યુઆરી દરમિયાન આયોજિત દક્ષિણ ઝોન કક્ષાના ૨બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન: ૨૦૨૪-૨૫ ના બીજા દિવસે આદિજાતિ વિકાસ અને શ્રમ રોજગાર રાજયમંત્રી કુંવરજી હળપતિએ ઉપસ્થિત રહી બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા હતા.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી કચેરી, શાસનાધિકારી કચેરી અને હળપતિ સેવા સંઘ-બારડોલી સંચાલિત વાઘેચા આશ્રમ શાળાના સંયુક્ત ઉપક્રમે ૨ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી ી થીમ પર યોજાઈ રહેલા વિજ્ઞાન પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકોએ ૭૦ કૃતિઓ રજૂ કરી પોતાનું વૈજ્ઞાનિક કૌશલ્ય દર્શાવી રહ્યા છે.

આ પ્રસંગે આદિજાતિ રાજયમંત્રીએ જણાવ્યું હતું કે વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે રસ અને જિજ્ઞાસા વિકસાવવા માટે બાળવૈજ્ઞાનિક પ્રદર્શન મહત્વનું માધ્યમ બની રહ્યું છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એપીજે અબ્દુલ કલામ વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે લગાવના મજબૂત આધાર પર મહાન વૈજ્ઞાનિક બન્યા હતા.

બાળકોને શાળાકક્ષાએથી જ વિજ્ઞાન વિષયમાં રસ રાખીને આગળ વધવાની પ્રેરણા આપતા તેમણે ઉમેર્યું કે, આશ્રમ શાળામાં અભ્યાસ કરીને આદિવાસી સમાજના ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ સરકારી, ખાનગી ક્ષેત્રે ઉચ્ચ હોદ્દા પર નોકરી મેળવી સમાજ અને દેશનું નામ રોશન કરી રહ્યા છે.

વધુમાં મંત્રીએ જણાવ્યું કે, આદિવાસી સમાજના ઉત્થાન માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. રાજ્ય સરકારે આદિજાતિ વિકાસ માટે રૂ. ૪૪૭૪ કરોડનું માતબર બજેટ ફાળવ્યું છે. જેના માધ્યમથી આદિવાસી સમાજનો અવિરત વિકાસ થઈ રહ્યો છે. વનબંધુ યોજના દ્વારા છેવાડાના ગરીબ આદિવાસી પરિવારોને અનેક લાભો મળ્યા છે. આજે આદિવાસી સમાજના દિકરા-દિકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે કોઇ અવરોધ નથી. આદિજાતિ બાળકો ડોક્ટર, એન્જિનિયર, પાઇલોટ બની શકે એ તે માટે સરકાર રૂ.૧૫ લાખ સુધીની લોન સહાય પૂરી પાડે છે, જે આદિવાસી યુવાઓના વિકાસમાં મહત્વનું પગલું સાબિત થઈ રહ્યું છે. દેશને વિકસિત બનાવવા માટે યુવાનોએ આગળ આવી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું જરૂરી છે એવો મત વ્યક્ત કરતા હળપતિએ કહ્યું કે શિક્ષિત યુવાનોથી તો દેશ પણ શિક્ષિત અને વિકસિત બનશે. મહેનત સાથે અભ્યાસ કરીને પરિવાર, રાજય અને દેશનું નામ રોશન કરવાની દરેક યુવાનની જવાબદારી છે.

આ પ્રસંગે સુરત ન.પ્રા.શિક્ષણ સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કાપડીયા, સુરત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના ઇન્ચાર્જ પ્રાચાર્ય ડો. સંજયસિંહ બારડ, નવસારી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ડો.યોગેશ પટેલ, ન.પ્રા.શિક્ષણ સમિતિ-સુરતના શાસનાધિકારી મેહુલ પટેલ, આદિજાતિ વિભાગના અધિકારીઓ, વાઘેચા આશ્રમ શાળાના આચાર્યો, ટ્રસ્ટીઓ, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સુગર મીલના ખાનગીકરણનો વિરોધી યથાવત:ખેડૂતોએ સુગર મીલ બહાર કર્યું પ્રદર્શન, મહેનતના પૈસા આ સુગરમાં ફસાઈ ગયા પરત કરવાની પણ માંગણી થઈ




બારડોલી- એક તરફ ખેડૂત સભાસદોના શેરડીના ટ્રાન્સપોર્ટરોના મજુરોના કર્મચારીઓના કરોડો રૂપિયા ચૂકવવાના બાકી છે. જયારે બેંક દ્વારા માંડવી સુગરને હરાજી કરી ખાનગી કંપનીને વેચી દેવાતા ખેડૂત સભાસદો વિરોધ કરી રહ્યા છે.

માંડવી તાલુકામાં આવેલી માંડવી સુગર મીલ માંડવી તાલુકા તેમજ આજુબાજુના આદિવાસી તાલુકાઓ માટે જીવાદોરી સમાન છે. તેમજ સુરત જિલ્લા સિવાય નર્મદા જિલ્લા અને મહારાષ્ટ્રના ખેડૂતો પણ આ સુગર મિલને શેરડી આપી હતી. પરંતુ સંચાલકોની બેદરકારી અને અણઆવડત ને સાત વર્ષ પહેલા સુગર મિલને બંધ કરી દેવાની ફરજ પડી અને ખેડૂત સભાસદો સહિત તમામ લોકોના મહા મહેનતના પૈસા આ સુગરમાં ફસાઈ ગયા હતા.

સુગર મિલ બંધ થઈ ત્યારથી ખેડૂત સભાસદો, મજૂરો, કર્મચારીઓ ટ્રાન્સપોર્ટરો પોતાના પરસેવાની કમાણીના રૂપિયા માટે લડત લડી રહ્યા છે. આ સુગર મિલને સરકાર તરફથી પણ ફંડ ફાળવવામાં આવ્યું હતું. તેમજ બેંક દ્વારા પણ ફાઇનાન્સ કરવામાં આવ્યું હતું. મીલ બંધ થઈ જતા લોકોની ચિંતા કર્યા વગર બેંક દ્વારા સુગરની હરાજી કરે ખાનગી કંપનીને વેચી દેવામાં આવી છે.

છેલ્લા સાત વર્ષ ગરીબ લાચાર ખેડૂતો પોતાના પૈસા માટે સુગર મિલના ધક્કા ખાઇ રહ્યા છે. આજરોજ વધુ એક વાર માંડવી સુગર ખાતે ભેગા થયેલા ખેડૂતોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. જો આગામી દિવસોમાં તેઓની માંગ પૂરી નહી થાય અને તેઓના પરસેવાના રૂપિયા પરત નહીં કરવામાં આવે તો જલદ આંદોલન કરવાની પણ ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. તેમજ ખેડૂત સભાસદો દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા કે સુગરમિલની હરાજી કરવામાં પણ ભારે ગેર વહીવટ કરવામાં આવ્યો છે. જેટલી કિંમતમાં સુગરની હરાજી કરવામાં આવી તેટલી કિંમતમાં મશીનરી પણ આવે એમ નથી.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

### ઘડતર પથ્થરને પ્રતિમા બનાવે છે...આદર્શો માનવીને મહાન બનાવે છે...

કુદરતની-કર્મસત્તાની મોટી સોગાદરૂપે મળેલ આ જીવનને વધુ સાર્થક-વધુ ઉન્નત બનાવવા માટે કેટલાક સરસ દૃષ્ટિબિંદુઓ- અભિગમો અપનાવવા ખાસ આવશ્યક છે. ગત લેખથી આપણે ચાર એવા અભિગમો પર વિચારણા આરંભી છે કે જે સહુ જનોને સ્વીકાર્ય બની રહે. ન એમાં કોઈને ધર્મનો બાધ આવે, ન એમાં કોઈને સમાજના-જ્ઞાતિના રીવાજનો બાધ આવે. આજના લેખમાં વિચારીશું એમાંના બીજા અને ત્રીજા ક્રમના અભિગમ.

અન્યોને સમજવાનો અભિગમ : ધ્યાનથી નિરીક્ષણ કરીશું તો એ ખ્યાલમાં આવવશે કે આજે અચ્છા અચ્છા શિક્ષિત-વેલ એજ્યુકેટેડ લોકોને ય મહદંશે એ બાબતનો ધખારો હોય છે કે પોતાની વાત બીજાને કેવી રીતે ઝડપથી સમજાવી દેવી. એમને રસ હોય છે પોતાની વાત જલ્દીથી સમજાવી દેવામાં, બીજાની વાત ધ્યાનથી સમજવામાં નહિ. એમના આ ધખારા અન્યો સાથેની ચર્ચામાં-વાર્તાલાપમાં ઘણી વાર આવા વાક્યોથી વ્યક્ત થાય છે કે 'તમે પહેલા મારી વાત સમજો.. તમે મારી વાત સમજતા જ નથી. ઇત્યાદિ. કમાલ છે ને ! પોતે સામી વ્યક્તિની વાત સમજવામાં જરા ય દિલચશ્પી ધરાવતા નથી એનો કોઈ વિચાર નહિ અને સામેની વ્યક્તિ પોતાની વાત પોતે ચાહે એ રીતે જ સમજે તેવો દુરાગ્રહ. પછી ક્યાંથી ચર્ચાનાં વલોણામાંથી સંવાદનું નવનીત પ્રગટે ?

એક સરસ વિધાન આ સંદર્ભમાં ટાંકવા જેવું છે કે ' આજે સંભળાવનાર લોકો ઘણા છે, સંભળાવનારાની અપેક્ષાએ સાંભળનાર લોકો અલ્પ છે, સાંભળનારની અપેક્ષાએ સમજનાર લોકો એથી ય અલ્પ છે અને સમજનારની અપેક્ષાએ એ મુજબ વર્તનાર વર્ગ તો અત્યંત અલ્પ છે !' આ એકદમ વાસ્તવદર્શી વિધાનનો સૂર એ છે કે સામી વ્યક્તિની વાત સાંભળવી-સમજવી અને એ મુજબ વર્તવું : આમાં બહુ જૂજ લોકોને રસ છે. ઘણા બધા તો સામી વ્યક્તિની વાત સાંભળવાનો માત્ર ફીઝીકલી દેખાવ કરતા હોય છે. સાંભળવાની એ ક્ષણોમાં ય એનું ચિત્ત સામી વ્યક્તિને સમજવામાં રમતું ન હોય, બલ્કે સામી વ્યક્તિને પોતાની વાત કયા શબ્દોથી સમજાવી દેવી-ગળે ઉતારી દેવી એ જ ચક્કરમાં એનું ચિત્ત રમતું હોય.

મહાન રાજનીતિજ્ઞા તરીકે પંકાયેલ ચાણક્ય. એ રાજનીતિનાં ક્ષેત્રનું એવું બેજોડ વ્યક્તિત્વ હતું કે સૈકડો-હજારો વર્ષ પછી ય આજના માહેર રાજનીતિજ્ઞા માટે ' આ તો ચાણક્ય જેવા છે' એવા વાક્યપ્રયોગ થાય છે. આ ચાણક્યે કોઈની સહાય વિના એકલે હાથે વિરાટ નંદસામ્રાજય ધ્વસ્ત કર્યું હતું અને ચન્દ્રગુપ્તને મહાન સમ્રાટ બનાવ્યો હતો. પણ.. શરુઆતના તબક્કે તો મહાન કૂટનીતિજ્ઞા ચાણક્યને ય પીછેહઠ કરવી પડી હતી. બન્યું હતું એવું કે પહેલીવારમાં નંદ સામ્રાજય સામે બાથ ભીડવા ચાણક્યે એક જ યુદ્ધમાં આર-પારને જંગ ખેલવાનો વ્યૂહ અપનાવ્યો હતો. એથી સરહદી પ્રદેશ જીતવાના બદલે એણે સીધી રાજધાની પાટલિપુત્ર સુધી કૂચ કરી અને ત્યાં જ મોટું યુદ્ધ ખેલ્યું. આમાં ચાણક્યને બન્ને બાજુથી માર પડયો. નંદરાજાની વિરાટ સેનાએ એને આગળથી ભીંસમાં લીધો અને સરહદ તરફથી આવેલ સેનાએ એને પાછળથી ભીંસમાં લીધો. હારવાની અણી પર આવી ગયેલ ચાણક્ય અને ચન્દ્રગુપ્ત જીવ બચાવીને ત્યાંથી ભાગી ગયા. ચાણક્યનાં મનમાં એ મંથન ચાલતું હતું કે વ્યૂહરચનામાં થાપ ક્યાં ખાધી ?

ગ્રામીણ વ્યક્તિના વેશમાં બન્ને અંતરિયાળ ગામડાંઓમાંથી પસાર થઈ રહ્યા હતા. સાંજના સમયે કકડીને ભૂખ લાગતા તેઓ એક ઘરમાં પ્રવેશ્યા. ઘરના વૃદ્ધ માજીએ અતિથિદેવો ભવની સંસ્કૃતિ અનુસાર બન્ને અજાણ્યા અતિથિને આવકારી જમવા બેસાડયા. એ જ સમયે ઘરે આવેલ યુવાન પુત્રને પણ માજીએ અતિથિઓ સાથે જમવા બેસાડયો. અત્યંત ગરમ ગરમ ખીચડી ત્રણે ય ને પીરસાઈ.

ક્ષુધાતુર પુત્રે તુર્ત ખીચડીની વચ્ચે હાથ નાંખ્યો. કોળિયો તો ન ભરી શકાયો, પણ એનો હાથ તીવ્રપણે દાઝી ગયો. યુવાન પુત્ર ચીસ પાડી ઉઠયો. માજી હસતા હસતા બોલી ઉઠયા : 'અલ્યા, તું પણ પેલા ચાણક્ય અને ચન્દ્રગુપ્ત જેવો મૂર્ખ છે. ગરમ ગરમ ખીચડીમાં વચ્ચે હાથ ન નંખાય. એને છેડે છેડેથી છૂટી પાડીને વાપરવી જોઈએ.'

ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## સુરત જિલ્લામાં ૧૦૮ને દર ત્રીજી મિનીટે ૧ ઈમરજન્સી કોલ




બારડોલી- લોકોની સંજીવની સમાન સાબિત થયેલ ૧૦૮ ઈમરજન્સી વાન વર્ષ ૨૦૨૪ દરમિયાન લોકોની જિંદગી બચાવવા માટે સતત દોડતી રહી હતી. વર્ષ ૨૦૨૪માં દર ત્રીજી મિનીટે ૧ કોલ આવ્યો હતો. વર્ષ ૨૦૨૩ની સરખામણે વર્ષ ૨૦૨૪માં ૧૮૦૦૬ કોલ વધુ આવ્યા હતાં. જેમાં સૌથી વધુ કોલ પેટની તકલીફના સામે આવ્યા છે.

વર્ષ ૨૦૦૭ માં શરૂ થયેલ ૧૦૮ ઈમરજન્સી સેવા એ હાલ લોકો માટે સંજીવની સાબિત થઈ રહી છે. અકસ્માત સમયે લોકોના જીવ બચાવવા માટે સુરતમાં ૬૩ જેટલી એમ્બ્યૂલન્સો સતત દોડતી રહે છે. ૨૬૪ કર્મચારીઓ ૨૪ડ૭ લોકોની સેવામાં હાજર રહે છે. વાર તહેવાર કે ચોમાસુ શિયાળાની સિઝનમાં પણ લોકોની સેવામાં અડીખમ હાજર રહે છે. ૧૦૮ એમ્બ્યૂલન્સને વર્ષ ૨૦૨૩માં ૧૨૩૬૩૫ ઈમરજન્સી કોલ મળ્યા હતાં. જયારે વર્ષ ૨૦૨૪માં ૧૫ નો વધારો થયો છે. વર્ષ ૨૦૨૪માં ૧૪૧૬૪૧ કોલ ૧૦૮ એમ્બ્યૂલન્સે એટેન્ડ કર્યા છે.

રોજના ૩૮૮ કોલ અને દર ત્રીજી મિનીટે કોલ એટેન્ડ કરી ઈમરજન્સીમાં દર્દીને હોસ્પિટલ પહોંચાડ્યા છે. સુરત ૧૦૮ને સૌથી વધુ કોલ પેટની તકલીફના મળ્યા હતાં. ૨૨૯૭૦ કોલ આવ્યા હતા. જે ગત વર્ષની સરખાણીમાં ૪૩૮૭ કોલ વધુ હતાં. જયારે કોવિડના કેસમાં ઘટાડો નોધાયો હતો. વર્ષ ૨૦૨૪માં કોવિડના કેસમાં ૪, દુર્ઘમ ઘટનામાં ૪૨, ગર્ભવસ્થા સંબંધીમાં ૪૯, કુપોષણઆં ૧૭, ગંભીર માથાના દુખાવામાં ૩૦ કોલનો ઘટાડો નોંધાયો છે.

સુરત જિલ્લામાં ૬૩ ઇમરજન્સી વાહનો કાર્યરત સુરત જિલ્લામાં કુલે ૬૩ ઈમરજન્સી વાહનો કાર્યરત છે. હાલ ઈમરજન્સી સેવાને પહોચી વળાવમાં સક્ષમ છે. સુરત શહેર અને જિલ્લામાં એમ્બ્યૂલન્સનો રીચ ટાઈમ ૧૨ મિનીટનો છે. લોકોને જલદીમાં જલદી ઈમરજન્સી સેવા મળી રહે એવો અમારો ઉદ્દેશ્ય છે.

## ખેલ મહાકુંભમાં જિલ્લાના ૨.૨૩ લાખ ખેલાડી ભાગ લેશે



બારડોલી- રાજયમાં ખેલકૂદનું વાતાવરણનું નિર્માણ થાય, પ્રતિભાશાળી ખેલાડીઓને યોગ્ય તક મળી રહે તે માટે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સુરત જિલ્લામાં તાલુકાકક્ષાની સ્પર્ધાઓ સાથે ખેલ મહાકુંભનો પ્રારંભ થયો છે. બારડોલીની બી. એસ. બી.એસ. હાઈસ્કુલમાં ભાઈઓ તથા બહેનો માટે ખો-ખોની સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. અંડર-૧૪ની ૧૮ ટીમ,અંડર-૧૭ની ૬ ટીમ અને અંડર-ઓપનની ૦૪ ટીમના ખેલાડીઓએ ભાગ લીધો હતો. ખેલ મહાકુંભમાં સુરત જિલ્લામાં ૨.૨૩ લાખ ખેલાડીએ ૨૪ રમતોમાં ભાગ લઈ રહ્યા છે. સુરત જિલ્લામાં તાલુકાકક્ષાએ વિવિધ સ્કૂલોમાં સ્પર્ધાઓ યોજાશે. શાળા અને ગ્રામ્યકક્ષાએ વિજેતા ખેલાડીઓ તાલુકાકક્ષા અને તાલુકાકક્ષાએ વિજેતા ખેલાડી જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

## ૨૨ મી એ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં વર્ગ-૧ના અધિકારીઓ હાજર રહેશે

બારડોલી- લોકોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જેમાં કોઈ પણ અરજદાર વ્યકિતગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિવિષયક અને સર્વિસ મેટર સિવાયના કામોનો નિકાલ સંબંધિત કચેરીમાં થતો ન હોય તો તેવા કામોનો નિકાલ આ કાર્યક્રમમાં કરવામાં આવશે. જાન્યુઆરી મહિનાનો તાલુકા સ્વાગત કાર્યક્રમ ૨૨મીએ અને તા.૨૩મીના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે. તા. ૨૨ મીના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે સુરત જિલ્લા કલેક્ટર કોઈ પણ એક તાલુકામાં ઉપસ્થિત રહેશે.

જિલ્લા વિકાસ અધિકારી કામરેજ તથા સુરત ગ્રામ્યના. પોલીસ અધિક્ષક મહુવા તાલુકામાં મામલતદાર કચેરીમાં યોજાનારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નોને સાંભળી નિરાકરણ કરશે. તા. ૨૨ મીના રોજ સવારે ૧૧.૦૦ વાગે આ અધિકારીઓ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં જે તે તાલુકાની મામલતદાર કચેરીઓ ખાતે ઉપસ્થિત રહેશે.

જેમાં સિટી પ્રાંત (ઉત્તર) અધિકારી પુણા, સીટી પ્રાંત (દક્ષિણ) ના અધિકારી કતારગામ, માંગરોળ તાલુકામાં નાયબ કલેક્ટર માંડવી પ્રાંત અધિકારી, ચોર્યાસી તાલુકામાં નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંત, મહુવા તાલુકામાં નાયબ કલેક્ટર બારડોલી પ્રાંત, કામરેજ તાલુકામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ), પલસાણા તાલુકામાં નાયબ કલેક્ટર કામરેજ પ્રાંત, માંડવી તાલુકામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ઉમરપાડા તાલુકા ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ઓલપાડ તાલુકામાં જિલ્લા પુરવઠા અધિકારી, બારડોલી તાલુકામાં નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડયુટી વિભાગ-૨ સુરતના અધિકારીઓ હાજર રહેશે. ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/રજૂઆતો અંગેની અરજી સરનામા તથા કોન્ટેક નંબર સાથે મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી તેવા મથાળા સાથે ગામના તલાટીને સંબોધીને દર મહિનાની તા.૧૦મી સુધી આપવાની રહેશે. જેનો જે તે તાલુકામાં તાલુકા સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે.

## પતંગમાં ૨૫ ટકા, જયારે દોરીના ભાવમાં ૪૦% નો વધારો



બારડોલી- ઉત્તરાયણ નજીક આવી રહી છે તેમ તેમ બજારમાં પતંગ અને દોરીની દુકાનો શરૂ થવા લાગી છે. ગત વર્ષની સરખામણી કરતાં પતંગના ભાવમાં તોતિંગ વધારો જોવા મળી રહ્યો છે. લગભગ ૨૦થી ૨૫ ટકા ભાવ વધારો નોંધાતા પતંગ રસિકોને ઉત્તરાયણ મોંઘી પડે તેવી શકે તેવી શક્યતાઓ છે. જો કે, અઠવાડિયુ બાકી છે છતાં ઘરાકી ન નીકળતા વિક્રેતાઓમાં નિરાશા છે.

દર વર્ષે ૧૪મી જાન્યુઆરીએ આવતા આ તહેવારની પતંગ રસિયાઓ રાહ જોઈને બેઠા હોય છે અને તે માટે અગાઉથી તૈયારીઓ પણ શરૂ કરી દે છે. જેમ જેમ ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિ નજીક આવી રહી છે તેમ તેમ બજારોમાં અવનવી ડિઝાઇનના પતંગોની ભરમાર જોવા મળી રહી છે. બારડોલીમાં ખાસ કરીને સુરત, ખંભાત અને અમદાવાદથી પતંગો આવતા હોય છે.

પતંગના ભાવમાં ૨૦ થી ૨૫ ટકા જેટલો તોતિંગ વધારો જોવા મળતા ગ્રાહકો પર આર્થિક બોજ વધવાની શક્યતા છે. એટલું જ નહિ નાના વિક્રે બીજી તરફ પતંગની દોરીના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે. ગત વર્ષની સરખામણીએ ૩૦થી ૪૦ ટકા વધારો જોવા મળ્યો છે. જે દોરીનું બોબિન ૧૦૦૦ રૂપિયા ના ભાવમાં પડતું હતું તે આજે ૧૪૦૦થી ૧૫૦૦ના ભાવે વેચાઇ રહ્યું છે.

૨૨ વર્ષથી પતંગની દોરી માંજવાનું કામ કરતાં પ્રફુલભાઇ પરમારે જણાવ્યુ હતું કે, પતંગની દોરીમાં ગયા વર્ષ કરતાં ૩૦ થી ૪૦ ટકા જેટલો ભાવ વધારો નોંધાયો છે. કંપનીએ જ ભાવ વધાર્યો છે. ગ્રાહકને ભાવ કહેતા તેઓ પણ ચોંકી રહ્યા છે. અમારે વેચવું કઈ રીતે તે પણ એક પ્રશ્ન છે.

૨૩ વર્ષથી પતંગના વ્યવસાય સાથે સંકળાયેલા ચિરાગ રાજાણીએ જણાવ્યુ હતું કે, લાકડીના ભાવ ઉપરાંત કાગળના ભાવોમાં વધારો થયો છે. ચોમાસુ લાંબુ ચાલતા વધુ પતંગો બની શક્યા નથી. કારીગરો ઓછા તેમજ મજૂરી વધવાને કારણે પતંગની કિંમતોમાં વધારો જોવા મળ્યો છે.

પતંગના ભાવમાં વધારા માટેના લાકડી, કાગળ, પેટ્રી પ્રોડક્ટ, સ્ટીલ સહિતનું મટિરિયલ મોંઘું થયું છે. ઉપરાંત મજૂરી ખર્ચમાં વધારો થયો છે. મજૂરી ખર્ચ વધવા ઉપરાંત વરસાદને કારણે લાકડીની અછત સર્જાતાં પતંગ બનાવવું મોંઘુ થયું છે. હલકી ગુણવત્તાની લાકડીના કારણે પતંગનું ઉત્પાદન ઘટ્યું છે.

## ધર્મ પરિવર્તનનો આરોપ મૂકી હોબાળો મચાવ્યો:માંગરોળના માંડણ ગામે ખ્રિસ્તી ધર્મના કાર્યક્રમનો લોકોએ વિરોધ કર્યો, પોલીસની હાજરીને કારણે ઘર્ષણ ટળી ગયું



બારડોલી- માંગરોળ તાલુકાના માંડણ ગામે ખ્રિસ્તી ઇન્ડિયન નેશનલ ફુલ ગોસ્પેલ ચર્ચ દ્વારા આયોજિત નવા વર્ષની સભાના કાર્યક્રમનો સ્થાનિક ગ્રામજનો આદિવાસી સમાજના લોકો અને દેવ બીરશા સેનાના કાર્યકરોએ સભામાં ધર્મ પરિવર્તન કરાવવાતા હોવાનો આરોપ મૂકી હોબાળો મચાવ્યો હતો. પરંતુ પોલીસની હાજરીને કારણે ઘર્ષણ ટળી ગયું હતું.

ખ્રિસ્તી ધર્મની નવા વર્ષની સભા માંડણ ગામે યોજવાનું આયોજન કરાયું હતું. આ માટે મામલતદારમાંથી મંજૂરી લેવામાં આવી હતી, પરંતુ માંડણ ગામમાં આ કાર્યક્રમનો સ્થાનિકોએ વિરોધ દર્શાવ્યો હતો. દેવ બિરસા સેના સાથે મામલતદારને આવેદનપત્ર આપી જણાવેલ કે, માંડણ ગામે ધર્મ સ્વતંત્ર અધિનીયમનો ભંગ કરી, ખ્રિસ્તી ઈન્ડિયન નેશનલ ફુલ ગોસ્પેલ ચર્ચ- દ્વારા જાહેર કાર્યક્રમ રાખેલ છે .નવા વર્ષની સભાના નામે ખ્રિસ્તીઓ દ્વારા આદિવાસી ભાઇ- બહેનો લોભ લાલચ આપી ધર્માંતરણ કરાવવા માટે આ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જે અમારા આદિવાસી સમાજની સંસ્કૃતિ અને રૂઢિ વિરૂધ્ધનો કાર્યક્રમ છે. અમારા સમાજ અને ગામ માટે જોખમી સાબિત થશે. ગામમાં રહેતા સ્થાનીક લોકોમાંથી કોઈ વ્યકિત સરકારી દફ્તરે ખ્રિસ્તી ધર્મમાં નોંધાયેલ નથી. તેમ છતાં પણ અમારા ગામમાં બે ચર્ચ કાચા મકાનના બાંધવામાં આવેલ છે. જેની કલેકટરની પરવાનગી પણ મેળવામાં આવેલ નથી. બંને ચર્ચમાં ધર્મ પરિવર્તન કરવામાં આવી રહ્યું છે. ઇન્ડિયન નેશનલ ફુલ ગોસ્પેલ ચર્ચ દ્વારા અમારા ગામના તથા આજુબાજુના ગામના ભલા ભોળા આદિવાસી ભાઇઓને લોભ લાલચ પ્રલોભન આપી દવાના નામે પ્રાર્થના કરી કરાવી બીમારી દુર કરવા લોભામણી વાતો કરી આદિવાસી ભાઇઓને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા માટે સામ દામ દંડ ભેદની નિતી અપનાવી ગેરકાયદેસર ધર્મ પરીર્વતન કરી રહેલ છે.

Date-08/01/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## રાજપૂત વ્યાપાર વિકાસ મંડળ આયોજિત રાજપૂત વ્યાપાર સંમેલન ૨૦૨૫ અને રાજપૂત રિયલ એસ્ટેટ કોન્ફરન્સમાં રાજપૂત સમાજના દિવ્યાંગ એન્ટરપ્રિન્યુર નું સન્માન





રાજપૂત વ્યાપાર વિકાસ મંડળ આયોજિત રાજપૂત વ્યાપાર સંમેલન ૨૦૨૫ અને રાજપૂત રિયલ એસ્ટેટ કોન્ફરન્સમાં રાજપૂત સમાજના દિવ્યાંગ એન્ટરપ્રિન્યુર નું સન્માન કરવામાં આવ્યું. અહીં દુબઇ દિલ્હી રાજસ્થાન મધ્યપ્રદેશ ગુજરાતના વ્યાપારીઓ ઉપસ્થિત હતાદ્વિતીય કોન્ફરન્સમાં રિયલ એસ્ટેટ. હોટલ બ્રોકર આર્કિટેક્ચર ઇન્ટિરિયર વકીલ.

ગૃહ ઉદ્યોગ કલા જગત જેવા વિષયના ઉદ્યોગપતિ વ્યાપારી મહિલા ઉદ્યોગકારો, એન્ટરપ્રિન્યુર અને એમ.એસ.એ ઈ સેક્ટર ના રાજપૂત વ્યાપારીઓ જોડાઇ દેશ વિદેશ ના રાજપૂત વ્યાપારીઓ સાથે બિઝનેસ નેટવર્કિંગ. આઈડિયા. ઇન્વેસ્ટમેન્ટ. અને ઇનોવેશન વિશે ખૂબ ઉપયોગી ચર્ચાઓ કરી હતી આયોજક રાજપૂત વ્યાપાર વિકાસ મંડળ ઇન્ટરનેશનલ સંપર્ક વિરલસિંહ રાઓલ ૯૮૯૮૫૯૨૭૯૪

## બારડોલી આર. ટી. ઓ. દ્વારા માર્ગ સલામતી અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું









**બારડોલી-** બારડોલી આર.ટી.ઓ. તારીખ -૦૫-૦૧-૨૦૨૫ ના રોજ ROAD SAFETY MONTH ૨૦૨૫ અંતર્ગત આર. ટી. ઓ. બારડોલી દ્વારા માર્ગ સલામતી અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં બારડોલી નગરમાં રોડ ઉપર હેલ્મેટ અને સીટ બેલ્ટ ના ઉપયોગ કરતા વાહનચાલકોનું ગુલાબના ફૂલ આપીને સન્માનિત કરવામાં આવ્યા. રોડ સેફ્ટી મંથના ભાગ રૂપે લોક જાગૃતિ માટે આ વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી. અને અન્ય વાહનચાલકોને હેલ્મેટ અને સીટ બેલ્ટ ફરજિયાત પહેરવા અંગે તાકીદ કરવામાં આવી. તથા ટ્રાફિક નિયમોનું પાલન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં ૧૨૦ થી વધુ લોકોને માહિતગાર કર્યા.

## શ્રી સરભોણ વિભાગ કેળવણી મંડળ સંચાલિત

## એન. બી. પટેલ સરભોણ વિભાગ સાર્વજનિક હાઈસ્કૂલ આયોજિત વોલીબોલ T-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ ડી એન પટેલ કપનુ ટેનામેન્ટનુ આયોજન કરવામાં આવ્યું







શ્રી સરભોણ વિભાગ કેળવણી મંડળ સંચાલિત એન. બી. પટેલ સરભોણ વિભાગ સાર્વજનિક હાઇસ્કૂલ આયોજિત વોલીબોલ T-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ ડી એન પટેલ કપનુ ટેનામેન્ટનુ આયોજન કરવામાં આવ્યું જેમાં મુખ્ય અતિથિ તરીકે ડો. રાજેન્દ્રસિંહ વોટર મેન ઓફ ઇન્ડિયા અને મુખ્ય અતિથિ તરીકે ડો. ઇન્દિરા ખુરાના. ચેર પસંદ તરૂણ ભારત સંઘ. તથા સંસ્થાના ઉપપ્રમુખ જયંતીભાઈ આર પટેલ મંત્રી મનીષકુમાર પી. પટેલ અને શૈક્ષણિક અગ્રણી અજીતસિંહ સુરમાની તથા સ્પર્ધામાં આયોજકો એન આર આઇ હસમુખભાઈ પટેલ સરભોણ અને તરુણભાઈ પટેલ, બગુમરા વિશેષ ઉપસ્થિતિ રહ્યા.

શાળા સંકુલના મહેમાનો બાળકો ઉપરથી રહ્યા હતા વોટર મેન ઓફ ઇન્ડિયા થી ઓળખાતા ડો રાજેન્દ્રસિંહ દ્વારા જીવનમાં પાણીનું મૂલ્ય કેટલું છે એના વિશે માહિતી આપી હતી છેલ્લા ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન ૧૨૮ દેશ ની મુલાકાત કરી હતી ડોક્ટર રાજેન્દ્રસિંહ પાણી બચાવવા માટે આવનારા પેઢીને કઈ રીતે દર્શન આપી શકીએ વિષય પર શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડ્યું અને રાજસ્થાન, ચંબલ ઘાટી વિસ્તારમા ડો રાજેન્દ્રસિંહ ના માર્ગદર્શનના દર્શન હેઠળ પાણી બચાવવાના અનેક કાર્યક્રમ કર્યો અસંભવ થયા હતા. વોટર મેન તરીકે ઓળખાતા રાજેન્દ્રસિંહ દ્વારા પાણી બચાવવા માટે ખુબ સારું પ્રેરણાત્મક માર્ગદર્શન શાળાના વિદ્યાર્થીઓને આપ્યું હતું.

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૬૩૫ મો આઈ કેમ્પ



**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૦૬/૦૧/૨૦૨૫ ને સોમવારના રોજ ૬૩૫ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે ની:શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન ( નારાયણ સેવા ) શ્રી સ્વરૂપસિંહ એમ. પુરોહિત, બારડોલી તરફથી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને બધી જ સારવાર એકદમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી.

## ગાંધીનગરમાં આજે તાપમાનનો પારો ગગડીને ૧૩ ડિગ્રી નોધાયો



ગાંધીનગર- ઉત્તર ભારતમાં બે દિવસથી હિમવર્ષા થઈ રહી છે જેના કારણે ગુજરાતમાં પણ ફરી કડકડતી ઠંડી અનુભવાઈ રહી છે. રાજય પર આવતા પવનની દિશા બદલાતા બર્ફીલા પવન ફૂંકાઈ રહ્યા છે. રાજયના વિવિધ જિલ્લાનું લઘુતમ તાપમાન એકથી ત્રણ ડિગ્રી જેટલું ગગડ્યું છે. જેના કારણે વહેલી સવારે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ગાંધીનગરમાં પણ ઠંડીના ચમકારા સાથે આજે સવારે તાપમાનનો પારો ૧૩ ડિગ્રી નોધાયો છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી નાગરિકો ડબલ ઋતુનો અનુભવ કરી રહ્યાં છે. સવારે અને રાત્રે ઠંડી જયારે બપોરના સમયે આંશિક ગરમીની અસર રહે છે. છેલ્લા અઠવાડિયાથી દિવસ અને રાતના તાપમાનમાં બેથી અઢી ગણો તફાવત રહે છે. આજે પણ સવારે લઘુતમ ૧૩ ડીગ્રી તાપમાન સામે મહત્તમ તાપમાન ૨૫ ડીગ્રી નોધાયું છે. રાજયમાં હવે ઉત્તર-પશ્ચિમથી ઉત્તરના પવનો શરૂ થયા છે.

## પાલીમાં વાછરડીના મારણ બાદ પાઈપ લાઈનમાં ઘૂસી ગયેલા દીપડાનું ૬ કલાકની જહેમતે રેસ્ક્યું







કામરેજ- કામરેજ તાલુકાના પાલી ગામના બાપા સીતારામ ફાર્મ હાઉસમાં રહેલી બે વાછરડીને દીપડાએ શિકાર બનાવી હતી.જે બાદ બીજી વાછરડી હુમલામાં ગાળાના તેમજ કાનના ભાગે ઘાયલ થઈ હતી.પાલી ગામમાં આવેલા પ્રવીણભાઈ વસ્તરપરાના બ્લોક ૯૭ વાળા ફાર્મ હાઉસમાં રહેલી ગીર ગાયની બે વાછરડી પૈકી આશરે ૧૧ માસની વાછરડીને દીપડો શિકાર કરી ખેચી ગયો હતો.જેના બચેલા અવશેષો પાલી ગામના જયેન્દ્રસિંહ મોરીના બ્લોક નંબર ૯વાળા શેરડીના ખેતર માંથી મળી આવ્યા હતા.જયારે અન્ય એક આશરે ૧૪ માસની વાછરડીને ગળાના અને કાનના ભાગે ઘાયલ કરી હતી.શિકાર બાદ દીપડો નજીકમાં આવેલા પ્રદીપસિંહ ઈશ્વરસિંહ મોરીના ખેતરના પાણીની લાઈન વાળા સિમેન્ટની પાઈપ લાઈનમાં ઘૂસી ગયો હતો.ઘટનાને પગલે કામરેજ ઇન્ચાર્જ ફોરેસ્ટ ઓફિસર પરેશ હડીયા સહિતની ટીમ પાંજરા સહિત પાલી ગામે પહોંચી ગઈ હતી.ત્યાર બાદ અંદાજિત એકસો ફૂટ લંબાઈ વાળી પાઈપ લાઇનમાં ઘૂસેલા દીપડાને બહાર કાઢવા વહેલી સવારે દસ વાગ્યા આસપાસ પાંજરા સહિત ફોરેસ્ટ ટીમે રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. પાઈપ લાઇન વાળા એક બાજુના ખુલ્લા ભાગે પાંજરું ગોઠવી દેવાયું હતું.જયારે બીજી બાજુ ખુલ્લા પાઈપ માંથી વાંસના લાંબા બાંબુ એક બીજા સાથે બાંધી લાંબા કરી એક બાજુથી પાઈપમાં નાંખી અંદર ઘૂસેલા દીપડાને બીજી બાજુ વાળા નાકે ગોઠવેલા પાંજરે પુરવા ફોરેસ્ટ ટીમે ખાસ્સો પરસેવો પાડયો હતો. રેસ્ક્યુ કામગીરી બાદ સાંજના છ વાગ્યા આસપાસ પાઈપ લાઈન વાળો વચ્ચેનો ભાગ ખુલ્લો કરી બેટરીનો પ્રકાશ પાડતા લાઈન વાળા બીજા ખુલ્લા ભાગને અડીને મૂકેલા પાંજરામાં દીપડો આબાદ સપડાય ગયો હતો.ત્યાર પછી તેને કામરેજના ગાયપગલા નર્સરી ખાતે થોડો સમય રાખ્યા બાદ ફોરેસ્ટ ટીમે ત્યાંથી માંડવી જંગલ વિસ્તારમાં છોડવા માટેની કામગીરી હાથ ધરી હતી.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).